
# આત્મધર્મ

માસિક : વર્ષ-૪ * અંક-૬ * ફેબ્રુઆરી, ૨૦૧૦



શ્રોતાઃ—શુભરાગના પરિણામથી જરાક તો લાભ થાય ને?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ—અરે! જરાક લાભ માને તો મેરુ જેટલું મોટું મિથ્યાત્વ છે.

–પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાદર્શનના કારણથી માને છે કે હું સુખી, હું દુઃખી, હું ગરીબ, હું રાજા, મારા રૂપિયા-પૈસા, મારું ઘર, ગાય, ભેંસ આદિ છે. વળી મારા સંતાન, મારી સ્ત્રી, હું બળવાન, હું નિર્બળ, હું કુરૂપ, હું સુંદર, હું મૂર્ખ અને હું ચતુર છું. ૧૧૪૯.

*(પં. દૌલતરામજી, છઢાળા, ઢાળ- ૨, શ્લોક- ૪)*

● પ્રશ્ન :—આ સંસારમાં સારભૂત વસ્તુ કઈ છે? (આ સંસારમાં સારભૂત તત્ત્વ શું છે?)

ઉત્તર :—બહુ બહુ વિચાર કરી આ નિશ્ચય કર્યો છે કે જ્યાં સંપૂર્ણ તત્ત્વ દેખાયું હોય તેમ જ જ્યાં સ્વ-પરના હિતને માટે સદા તત્પર રહેવાનું હોય એવો મનુષ્યનો જન્મ સારભૂત તત્ત્વ છે. ૧૧૫૦. (શ્રીમદ્ રાજર્ષિ અમોઘવર્ષ, રત્નમાલા, શ્લોક-૬)

● કોઈ એમ જાણે કે આજના સમયમાં સ્વરૂપ કઠણ છે તે સ્વરૂપની ચાહ મટાડનાર બહિરાત્મા છે. આજથી અધિક પરિગ્રહ ચોથાકાળના પુણ્યવંત નર ચક્રવર્તી આદિક તેમને હતો અને આને તો થોડો છે. એ પરિગ્રહ જોરાવરીથી એના પરિણામોમાં આવતો નથી. પોતે જ દોડી દોડી પરિગ્રહમાં ઢુંકે છે. જ્યારે નવરો હોય ત્યારે વિકથા કરે છે; ત્યારે સ્વરૂપનાં પરિણામ કરે તો કોણ રોકે છે? પર પરિણામ સુગમ, નિજ પરિણામ વિષમ બતાવે છે, દેખો અચરજની વાત! પોતે દેખે છે-જાણે છે છતાં દેખ્યો ન જાય, જાણ્યો ન જાય એમ કહેતાં લાજ પણ આવતી નથી? સંસાર ચાતુરીનો ચતુર, પોતાને જાણવામાં શઠ, એવી હઠ-ધિઠતા પકડી પકડીને જ પરરતવ્યસનમાં ગાઢ બન્યો. સ્વભાવશુદ્ધિ વિસારી, ભારે ભવબંધન કરી, આંધળો બની, અંધ-ધંધમાં ધાયો, પોતે ઓળખાયો નહિ. ૧૧૫૧.

*(શ્રી અનુભવપ્રકાશ, દીપચંદજી, પાનું- ૫૭)*

● જેમ લોધર, ફટકડી વગેરેથી જે કષાયિત કરવામાં ન આવ્યું હોય એવા વસ્ત્રમાં રંગનો સંયોગ, વસ્ત્રવડે અંગીકાર નહિ કરાયો થકો, બહાર જ લોટે છે—અંદર પ્રવેશ કરતો નથી, તેમ જ્ઞાની રાગરૂપી રસથી રહિત હોવાથી તેને કર્મ પરિગ્રહપણાને ધારતું નથી. ૧૧૫૨. (શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૧૪૮)

વર્ષ-૪
અંક-૬

સંવત
૨૦૬૬
February
A.D. 2010




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# સ્વતંત્રતાનો ઢંઢેરો

(શ્રી સમયસાર નાટક ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૩૩)

આ, શ્રી સમયસાર નાટક શાસ્ત્રનો સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે.

અહીં એ સિદ્ધ કરવું છે કે રાગ-દ્વેષનું કારણ કર્મ નથી. રાગ-દ્વેષની ઉત્પત્તિનું કારણ મિથ્યાત્વ છે. (નીચે) ૨૬મો શ્લોક છે તેનું આ ૬૧મુ પદ્ય છે.

### રાગ-દ્વેષનું કારણ મિથ્યાત્વ છે

कोऊ शिष्य कहै स्वामी रागदोष परिनाम,
ताकौ मूल प्रेरक कहहु तुम कौन है।
पुग्गल करम जोग किंधौं इन्द्रिनिकौ भोग,
किंधौं धन किंधौं परिजन किंधौं भौन है।।
गुरु कहै छहौ दर्व अपने अपने रूप,
सबनिकौ सदा असहाई परिनौन है।
कोऊ दरब काहूकौ न प्रेरक कदाचि तातैं,
काग दोष मोह मृषा मदिरा अचौन है।।६१।।

અર્થ :—શિષ્ય પ્રશ્ન કરે છે કે હે સ્વામી! રાગ-દ્વેષ પરિણામોનું મુખ્ય કારણ શું છે? પૌદ્ગલિક કર્મ છે? કે ઇન્દ્રિયોના ભોગ છે? કે ધન છે? કે ઘરના માણસો છે? કે ઘર છે? તે આપ કહો. ત્યાં શ્રીગુરુ સમાધાન કરે છે કે છયે દ્રવ્ય પોતપોતાના સ્વરૂપમાં સદા નિજાશ્રિત પરિણમન કરે છે, કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યની પરિણતિને કદી પણ

પ્રેરક થતું નથી, માટે રાગ-દ્વેષનું મૂળ કારણ મોહ મિથ્યાત્વનું મદિરાપાન છે.

અનાદિથી જીવની દૃષ્ટિ એવી છે કે પરના કારણે જ મને વિકાર થાય છે. જૈનોમાં આવ્યા પછી પણ પર એવા કર્મથી વિકારની ઉત્પત્તિ માને છે. અન્યમતિ એમ માને કે ઈશ્વર વિના પાંદડું પણ ન હલે અને જૈન 'કર્મ બધુ કરાવે છે' એમ માને, બંનેની જાત એક જ છે. અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે સ્વામી! કર્મ રાગ-દ્વેષ કરાવતું નથી તો રાગ-દ્વેષ, વિષય-વાસના આદિ પરિણામ કોણ કરાવે છે? કોણ પ્રેરક છે? ઈન્દ્રિયના ભોગો કારણ છે કે ધન છે કે પરિજન છે કે ઘર છે?

શ્રી ગુરુ કહે છે છએ દ્રવ્ય પોત-પોતાના સ્વરૂપમાં છે અને કોઈની સહાય વિના પોતાના પરિણામને કરે છે માટે વિકાર પણ કોઈ અન્યની સહાય વિના જીવો કરે છે.

શ્રોતા :—ગોમ્મટસારમાં તો એમ કહ્યું છે કે કર્મથી વિકાર થાય છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ગોમ્મટસારમાં નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે કે જ્ઞાનાવરણી કર્મ જ્ઞાનને રોકે છે તો શું જડકર્મ આત્માના ભાવને રોકી શકે? ત્યાં તો ટૂંકામાં કથન કરીને જીવ પોતે જ્ઞાનને રોકે છે ત્યારે નિમિત્ત કોણ હોય છે તે બતાવ્યું છે. બાકી, જ્ઞાનાવરણીકર્મથી જ્ઞાનની દશા હીણી થાય એમ ત્રણ કાળમાં ત્રણ લોકમાં બની શકતું નથી.

શિષ્યનો પ્રશ્ન છે કે ઈન્દ્રિયના ભોગ છે તે રાગ-દ્વેષ કરાવતા હશે? કે લક્ષ્મી રાગ-દ્વેષ કરાવે છે એમ લાગે છે. ધનના કારણે જ ઝગડા થતા હોય છે. વળી, સ્ત્રી, પુત્ર આદિ સારા હોય તો રાગ થાય છે અને ખરાબ હોય તો દ્વેષ થાય છે એ ખરું કે નહિ? સુંદર 'ભૌન' એટલે ભવન–મકાન. સંગેમરમરના લાખોના મકાન બનાવ્યા હોય તે રાગ કરાવે કે નહિ? શું છે રાગ-દ્વેષનું કારણ? બંગલો સારો હોય તો મોટપ મળે એવું તો દેખાય છે એ શું ખોટું છે?

ટૂંકમાં, એમ પ્રશ્ન છે કે કર્મ રાગ-દ્વેષનું કારણ છે? ઈન્દ્રિયના ભોગ રાગ-દ્વેષનું કારણ છે? ધન અને પરિવાર રાગ-દ્વેષનું કારણ છે? કે મકાન કારણ છે?

હવે, શ્રીગુરુ તેને ઉત્તર આપે છે. આ (સમયસારની) ૩૭૨ ગાથા ઉપરનો કળશ છે. ૩૭૨ ગાથા બહુ અલૌકિક છે. તેમાં એમ લીધું છે કે કુંભારથી ઘડો થાય છે એમ અમને તો દેખાતું નથી. કેમ કે અન્ય દ્રવ્ય તેનાથી અન્ય એવા દ્રવ્યની પર્યાયને ઉત્પન્ન કરે એમ ત્રણ કાળમાં બનતું નથી. માટે મારા દ્રવ્યમાં પરદ્રવ્ય રાગાદિ ઉપજાવે છે એવી

શંકા ન કરવી. ૩૭૨ ગાથાની અમૃતચંદ્રાચાર્યની ટીકામાં આ કહ્યું છે. અન્યદ્રવ્યમાં અન્ય દ્રવ્યની પર્યાય કરવાની અયોગ્યતા છે. માટે કુંભારમાં ઘડો કરવાની અયોગ્યતા છે તેમ જીવમાં અલોકમાં જવાની અલાયકાત છે વગેરે...

આવી સ્પષ્ટ વાત છે છતાં જીવોને શ્રદ્ધામાં બેસતી નથી તેથી માને છે કે કર્મનો ઉદય આવે તેવો જીવને વિકાર કરવો પડે છે. જેવા કર્મનો ઉદય આવે એ પ્રમાણે જ વિકાર થાય છે. જીવ વિકાર કરે તો નોકર્મને આરોપ આવે છે પણ કર્મ તો નિમિત્ત થઈને જ આવે છે તેથી વિકાર કરવો પડે છે એવી વાત ચાલે છે.

અમૃતચંદ્રાચાર્ય કહે છે કે અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યની પર્યાય ઉત્પન્ન કરાવવાની અયોગ્યતા છે કેમ કે સર્વ દ્રવ્યો પોતાના સ્વભાવથી જ ઊપજે છે. વિકારને જીવનો સ્વભાવ કહેવામાં આવે છે કેમ કે વિકાર પણ જીવની પર્યાયમાં પોતાથી ઊપજે છે. માટે તેને 'સ્વ'ભાવ કહેવાય છે. આ વાત માટી અને ઘડાના દૃષ્ટાંતથી સમજાવી છે કે માટી ઘડારૂપે ઊપજે છે તે માટીના સ્વભાવથી જ ઊપજે છે કે કુંભારના સ્વભાવથી ઊપજે છે! જો કુંભારના સ્વભાવથી ઘડો ઊપજતો હોય તો પુરુષાકારે ઉત્પન્ન થવો જોઈએ પણ એમ તો નથી બનતું. કારણ કે કુંભાર અન્ય દ્રવ્ય હોવાથી તેનામાં તેનાથી અન્ય એવી માટીમાં ઘડાપર્યાયને ઉપજાવવાની અયોગ્યતા છે. ઘડો કુંભારના સ્વભાવે ઊપજતો નથી. ઘડો માટીના સ્વભાવે ઊપજે છે. તેથી ઘડો માટીએ કર્યો છે, કુંભારે નહિ. રોટલી લોટે કરી છે, બાઈએ, પાટલી-વેલણે રોટલી બનાવી નથી. લોટ પોતાના સ્વભાવથી પહોળો થઈને રોટલીરૂપે પરિણમે છે. તે જ રીતે શરીર, ભાષા આદિ બધા પદાર્થ પોતપોતાના સ્વભાવથી જ પરિણમે છે, અન્ય દ્રવ્ય તેને પરિણમાવતું નથી. કેવળજ્ઞાનપર્યાય પણ પોતાના દ્રવ્યના કારણથી ઊપજે છે, જ્ઞાનાવરણીના અભાવથી ઊપજતી નથી કે વજ્રનારાચસંહનનથી ઊપજતી નથી. મનુષ્યપર્યાય છે માટે ઊપજે છે એમ અમને તો દેખાતું નથી એમ આચાર્યદેવ કહે છે. તારી આંધળી દૃષ્ટિમાં અન્ય દ્રવ્યથી અન્યનું કાર્ય થતું દેખાતું હોય તો તું માનવા સ્વતંત્ર છો પણ એ માન્યતા બધી જૂઠી છે.

કુંદકુંદાચાર્ય એક નહિ પણ કોઈપણ આચાર્ય એક દ્રવ્યથી બીજા દ્રવ્યની પર્યાય થાય છે એમ ત્રણ કાળમાં કહે નહિ. નિમિત્તથી કથન કરે એ જુદી વાત છે. બાકી, દિગંબર સંતોએ તો સ્વતંત્રતાના ઢંઢેરા પીટ્યા છે. વસ્તુસ્વરૂપ જ એવું છે કે કોઈના ઘરની વાત નથી.

સર્વ દ્રવ્ય પોતપોતાના સ્વભાવને ઉલ્લંઘતા નથી અને પરના સ્વભાવને સ્પર્શતા

નથી. તેથી સર્વ દ્રવ્ય નિમિત્તના સ્વભાવને નહિ સ્પર્શતા થકાં, પોતાના સ્વભાવે ઊપજે છે.

શ્રોતા :—કુંભાર ઘડાનો કથંચિત્ કર્તા તો ખરો ને?

પૂજ્ય ગુરુદેવશ્રી : નહિ. કુંભાર સર્વથા કર્તા નથી. માટી જ સર્વથા ઘડાની કર્તા છે—ઉત્પાદક છે. કથંચિત્ માટી અને કથંચિત્ કુંભારથી ઘડો થાય છે એમ માનવું તે અનેકાંત નહિ પણ ફૂદડીવાદ છે. ઘડો માટીથી જ ઊપજે છે, કુંભારથી નહિ એનું નામ અનેકાંત છે.

આ તો વસ્તુસ્થિતિ છે ભાઈ! કોઈની કલ્પનાની વાત નથી. વસ્તુ ધ્રુવ રહીને પોતાથી ઊપજે છે. તે ઉત્પાદ ભલે વિકારનો હો કે સમ્યક્ત્વનો હો પણ જીવ તેનો કર્તા છે. દર્શનમોહ કર્મ ગયું માટે સમ્યક્ત્વ થયું એમ અમને દેખાતું નથી. ચારિત્રમોહ ગયું તો ચારિત્ર પ્રગટ થયું એમ—કુંદકુંદાચાર્ય કહે છે કે—અમને દેખાતું નથી. પોતપોતાના પરિણમનકાળે જે પર્યાય ઊપજે છે તે પોતાથી ઊપજે છે, પરના કારણે નહિ.

અમે '૭૦મા દીક્ષા લીધી અને '૭૧મા લાઠીમાં આ વાત જાહેર કરી હતી કે સંશય મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે તે પોતાના (ઊંધો) પુરુષાર્થથી થાય છે, કર્મથી બિલકુલ નહિ. એ જ અહીં કહેવું છે કે રાગ-દ્વેષની ઉત્પત્તિ પોતાના મિથ્યાત્વના કારણે છે, દર્શનમોહના કારણે બિલકુલ નહિ. શાસ્ત્રમાં આવે છે કે કેવલજ્ઞાનાવરણીના નાશથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે એ નિમિત્તનું કથન છે.

જે કાળે જે પરિણમન જીવ કરે તે પોતાથી જ છે. રાગરૂપે પરિણમે કે મિથ્યાત્વરૂપે પરિણમે કે સમ્યક્ત્વરૂપે પરિણમે–જીવ પોતાથી જ પરિણમે છે. તત્ત્વાર્થસૂત્રમાં निसर्गात् अधिगमात्वा કહ્યું છે તે નિમિત્તથી સમ્યગ્દર્શનના ભેદનું કથન કરતું સૂત્ર છે. બાકી, સમ્યગ્દર્શન તો પોતાથી જ થાય છે. આવી દ્રવ્યની મર્યાદા છે. કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યમાં પ્રવેશ કરતું નથી અને કોઈ દ્રવ્યની પર્યાયનો અન્ય દ્રવ્યની પર્યાયમાં પ્રભાવ પડતો નથી.

દરેક દ્રવ્યની પોતાની પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે. માટે રાગ-દ્વેષની ઉત્પત્તિ પણ પોતાથી થાય છે. પરદ્રવ્ય કે કર્મથી કિંચિત્ રાગ-દ્વેષની ઉત્પત્તિ થતી નથી. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે. પર્યાયની ઉત્પત્તિ થાય છે અને વ્યય થાય છે તે પોતાથી થાય છે. માટે ઘડાનો ઉત્પાદક કુંભાર નથી, વિકારનું ઉત્પાદક કર્મ નથી, પરદ્રવ્ય કદી ત્રણ કાળમાં જીવને વિકાર કરાવી શકતા નથી કે ધર્મ કરાવી શકતા નથી.

ઘડો થવામાં કુંભારનો વિકલ્પ નિમિત્ત છે, ઘડામાં પરિણમન તો માટીનું છે. માટીના ઉત્પાદ-વ્યય-ધ્રુવ માટીથી છે અને કુંભારના વિકલ્પનો ઉત્પાદ-વ્યય કુંભારથી છે. માટે કુંભારથી ઘડાની ઉત્પત્તિ ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. દરેક પદાર્થમાં સમયે સમયે ઉત્પાદ-વ્યય થાય છે તે દ્રવ્યથી થાય છે, પરદ્રવ્યથી નહિ. જ્યારે પોતાની યોગ્યતાથી જે પરિણમનનો કાળ છે તે પર્યાય થાય છે તેમાં નિમિત્ત કાંઈ કરતું નથી. નિમિત્ત પોતાની પર્યાયને કરે, પરની પર્યાયને ન કરે. એક સમયમાં બે દ્રવ્યની ક્રિયા કરે—એ અભિપ્રાય યથાર્થ નથી.

गुरु कहे सब ही द्रव्य अपने अपने रूप, सबनिको सदा असहाई परिनौन है। ભાષા જુઓ! સર્વ દ્રવ્યનું પરિણમન પરની સહાય વિના પોતાના દ્રવ્યથી છે. સાક્ષાત્ તીર્થંકર પણ ભાષાની પર્યાય કરવા માટે અયોગ્ય છે. મહાવીર ભગવાનને કેવળજ્ઞાન વૈશાખ સુદ દશમના દિને થયું હતું પણ વાણી ન નીકળી. છાંસઠ દિવસ પછી શ્રાવણ વદ એકમના દિને દિવ્યધ્વનિ ખરી કેમ કે વાણીની પર્યાય વાણીથી થવાયોગ્ય હોય ત્યારે થાય, કાંઈ આત્માથી ન થાય.

શ્રોતા :—વાણી તો ગણધર ન હતાં માટે ખરી નહિ ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ તો નિમિત્તથી કથન થાય. ખરેખર તો જે વાણી તીર્થંકરથી ન ખરી તે ગણધરથી ખરે?

પ્રત્યેક દ્રવ્યની પ્રત્યેક પર્યાય પરની સહાય વિના પોતાથી પરિણમે છે. કોઈ દ્રવ્યને કોઈ અન્ય દ્રવ્યની પ્રેરણા કદાપિ નથી. તો પ્રશ્ન થાય કે વિકાર પરદ્રવ્યની પ્રેરણાથી થતો નહિ માનો તો એ તો સ્વભાવ ઠરશે. તો અહીં કહે છે કે વિભાવસ્વભાવ પણ પોતાનો છે. વૈભાવિકશક્તિ નામનો આત્મામાં ગુણ છે. તેથી વિકારપણે આત્મા સ્વયં પરિણમે છે, પરના કારણે વિકાર થતો નથી. શુદ્ધ પરિણમન હો કે વિકારી પરિણમન હો—બધું પરિણમન પોતાના કારણે છે, પરના કારણે નથી. સિદ્ધમાં પણ વૈભાવિક શક્તિ છે.

શિષ્યનો પ્રશ્ન છે કે સ્વામી! રાગ-દ્વેષ પરિણામનું મુખ્ય કારણ શું છે? ઈન્દ્રિયના ભોગ કે ધન છે કે કુટુંબ પરિવાર છે કે મકાન છે? આ પ્રશ્નનું ગુરુ સમાધાન કરે છે.

છએ દ્રવ્ય સદા પોત-પોતાના સ્વરૂપમાં નિજાશ્રિત પરિણમન કરે છે માટે આત્મા પણ પોતાના પરિણામને સ્વયં કરે છે. આટલું સ્પષ્ટ હોવા છતાં જ્ઞાનાવરણીએ જ્ઞાનને હીણું કરી દીધું, દર્શનમોહે મિથ્યાત્વ ઉત્પન્ન કરાવી દીધું, અંતરાય કર્મે વીર્યને હાનિ કરી

દીધી એવી બધી જૂઠી માન્યતાઓ ચાલી રહી છે. પણ ખરેખર તો કહ્યું છે ને! "કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ....." મેં નિમિત્તનો સંગ કર્યો ત્યારે મને મારાથી વિકાર થાય છે, નિમિત્ત મને વિકાર કરાવી દેતા નથી.

જો કર્મ વિકાર કરાવતા હોય તો કર્મને શિખામણ આપવી પડે કે ભાઈ! તું આત્માને વિકાર ન કરાવ! તું દૂર થઈ જા, મારે ધર્મ કરવો છે....એમ જડને ઉપદેશ આપવો પડે....પણ આચાર્યદેવ તો આત્માને ઉપદેશ આપે છે, કેમ કે આત્મા જ સ્વતંત્રપણે કર્તા થઈને રાગ-દ્વેષ-મોહાદિ વિકારને કરે છે. કુટુંબ પરિવાર વિકાર કરાવતા નથી કે કર્મ પણ વિકાર કરાવતા નથી. કર્તાનું ઈષ્ટ તે કર્મ અને સ્વતંત્રપણે કરે તે કર્તા છે. કર્મ-નોકર્મ બિલકૂલ વિકારના કર્તા નથી.

જ્યાં સુધી મિથ્યાત્વ છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ જીવ જ રાગ-દ્વેષને કરે છે. વિપરીત માન્યતા છે ત્યાં સુધી રાગ-દ્વેષ થયા વગર રહેતા નથી. 'ભાવકર્મ નિજ કલ્પના, ભાસે ચેતનરૂપ'. ભાવકર્મ છે તે ચિદાભાસ છે. ભ્રમણા છે ત્યાં સુધી દૃષ્ટિ રાગ ઉપર અને પર ઉપર છે તેથી અજ્ઞાની રાગ-દ્વેષનો કર્તા થઈને કરે છે. જ્ઞાનીની દૃષ્ટિ પોતાના દ્રવ્ય ઉપર છે તેથી રાગની ઉત્પત્તિ કરતા નથી. જેમ પોતે ત્રાંસી નજર કરે તો ચંદ્રમા બે દેખાય છે પણ ચંદ્રમા કાંઈ બે નથી, એક જ છે. તેમ ત્રાંસી એવી મિથ્યાદૃષ્ટિને કારણે જીવને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ થાય છે.

સ્ફટિકમાં જે લાલ-કાળી ઝાંઈ દેખાય છે તે પોતાથી છે, ફૂલના કારણે નથી, કેમ કે ફૂલથી ઝાંઈ થતી હોય તો લાકડામાં પણ ઝાંઈ પડવી જોઈએ પણ લાકડામાં એવી યોગ્યતા નથી. સ્ફટિકમાં એવી યોગ્યતા છે તેથી ફૂલની હાજરીમાં તેમાં લાલ-કાળી ઝાંઈ પડે છે. 'તત્ત્વાર્થ રાજવાર્તિક'માં લીધું છે કે યોગ્યતા જ શરણ છે. પોતાની પર્યાયની યોગ્યતા પ્રમાણે જ કાર્ય થાય છે, પરના કારણે બિલકુલ કાર્ય થતું નથી. છતાં પરને કારણ-કાર્ય માને છે તે પોતાની પર્યાયનો નાશ કરે છે અને પર્યાયનો નાશ કરે છે તે પર્યાયના આધારભૂત દ્રવ્યનો પણ નાશ કરે છે કેમ કે રાગ-દ્વેષ-મોહ પર્યાય છે તે પોતાના સ્વતંત્ર ગુણની ઉલટી દશા છે તેને પોતાથી ન માને અને પરથી થઈ છે એમ માને છે તો એ પર્યાય પોતાની ન રહી તો એ સમયે પોતાની પર્યાય કઈ? પોતાની પર્યાયનો નાશ થયો તો પર્યાય વગરના ગુણનો પણ નાશ થયો. સૂક્ષ્મ વાત છે ભાઈ! 'ઉત્પાદ-વ્યય -ધ્રુવયુક્તમ્ સત્' ભગવાને કહ્યું છે ને! તો એ ઉત્પાદ-વ્યય પરના કારણે થાય એમ કહ્યું છે?

તો પ્રશ્ન કરે છે કે શાસ્ત્રમાં એક જગ્યાએ કહ્યું છે કે પર્યાય બે કારણે થાય છે, ઉપાદાનકારણ અને નિમિત્તકારણ. (તો પરદ્રવ્યરૂપ નિમિત્તના કારણે જીવની પર્યાય થાય ને!) ભાઈ! ત્યાં, કાર્ય તો ઉપાદાનથી જ થાય છે ત્યારે નિમિત્ત કોણ હોય છે તેનું જ્ઞાન કરાવ્યું છે. નિમિત્તથી કાર્ય થતું નથી.

અહીં કહે છે કે રાગ-દ્વેષનું મૂળ કારણ મોહરૂપી મદિરાનું પાન છે. સ્વભાવને ભૂલીને નિમિત્તની રુચિ અને સંયોગની મિત્રતાના કારણે રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે. પ્રવચનસારમાં એમ લીધું છે કે એને સંયોગની મિત્રતા છે તેને એ છોડતો નથી. ખરેખર એક દ્રવ્યની પર્યાયનો બીજા દ્રવ્યની પર્યાયમાં અભાવ છે. તો જેનો અભાવ છે તે ભાવ કેવી રીતે કરી આપે?

૬૧મુ પદ્ય થયું. હવે ૬૨મા પદ્યમાં અજ્ઞાનીઓના વિચારમાં રાગ-દ્વેષનું કારણ શું છે તે કહે છે.

कोऊ मूरख यौं कहै राग दोष परिनाम।
पुग्गलकी जोरावरी, वरतै आतमराम॥६२॥
ज्यौं ज्यौं पुग्गल बल करै, धरि धरि कर्मज भेष।
रागदोषको परिनमन, त्यौं त्यौं होई विशेष॥६३॥

અર્થ :—કોઈ કોઈ મૂર્ખ એમ કહે છે કે આત્મામાં રાગ-દ્વેષભાવ પુદ્‌ગલની જબરદસ્તીથી થાય છે. તેઓ કહે છે કે પુદ્‌ગલકર્મરૂપ પરિણમનના ઉદયમાં કર્મ જેમ જેમ જોર કરે છે, તેમ તેમ અતિશયપણે રાગ-દ્વેષ પરિણામ થાય છે.

અજ્ઞાની મૂરખ એમ કહે છે કે પુદ્‌ગલકર્મના જોરથી રાગ-દ્વેષ પરિણમન થાય છે, જબરદસ્તીથી જીવમાં વિકાર થાય છે. પાણીનો જોરદાર લોઢ (પ્રવાહ) આવે તો તેમાં તણાવું જ પડે, તેમ કર્મના જોરદાર ઉદયમાં વિકાર કરવો જ પડે છે એમ અજ્ઞાની કહે છે.

પાણીના જોરદાર પ્રવાહ વખતે પણ માણસ પોતાની યોગ્યતાથી ગતિ કરે છે. પરદ્રવ્યની પર્યાય તેને શું કરી શકે? એક દ્રવ્ય બીજા દ્રવ્યને બિલકુલ પરિણમાવી શકે નહિ. શાસ્ત્રમાં પણ ભાષા એવી આવે કે પાણીનો પ્રવાહ જોરમાં હોય ત્યારે માણસ પુરુષાર્થ કરી શકતો નથી, મંદ પ્રવાહમાં પુરુષાર્થ કરી શકે છે. પણ ત્યારે જીવની યોગ્યતા જ એ પ્રકારની હોય છે. બાકી, પરદ્રવ્ય બિલકુલ પરિણમન કરાવી શકતું નથી. વિકાર

પણ જીવ સ્વયં કરે છે એ માટે તો બહુ મોટી ચર્ચા પંચાસ્તિકાય ગાથા-૬૨ના આધારે થઈ હતી. જીવ સ્વયમેવ ષટ્કારકરૂપે વર્તતો થકો અન્ય કારકની અપેક્ષા રાખતો નથી. स्वयमेव षट्कारकीरूपेण व्यवत्तिष्ठमानो न कारकांतरमपेक्षते । પરદ્રવ્યના કર્તા, કર્મ, કરણની અપેક્ષા જીવને પોતાના કાર્યમાં નથી અને કર્મના કાર્ય આદિ ષટ્કારકમાં જીવની અપેક્ષા નથી. જીવનું કાર્ય જીવમાં અને કર્મનું કાર્ય કર્મમાં છે. સ્વ ઉપાદાનકાર્યમાં કર્મનું નિમિત્ત છે પણ કર્તા નથી.

શું પોતાના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર આદિ ગુણની પર્યાય પરથી થાય? ગુણ તો ત્રિકાળ છે તેના વર્તમાન પરિણમનમાં પરનું કારણ હોય તો પોતે શું કરે? તેમ કર્મના પરમાણુમાં કર્મરૂપ પર્યાય કર્મથી થાય છે. જીવે જ્ઞાનને હીણું કર્યું માટે કર્મમાં જ્ઞાનાવરણીકર્મની પર્યાય થઈ એમ બિલકુલ નથી. જીવ અને કર્મ બંનેની પર્યાય સ્વતંત્ર પોતાથી થાય છે. આત્માએ રાગ કર્યો માટે કર્મને રાગરૂપે પરિણમવું પડ્યું એવી અપેક્ષા કર્મને નથી. તેમ જીવ વિકાર કરે છે તે પણ પરના સંગના કારણે કરે છે, પર કરાવતું નથી. દરેકની પર્યાય સ્વતંત્ર છે.

પરદ્રવ્યની મિત્રતા કરવી તે એકત્વબુદ્ધિ છે. તે મિથ્યાત્વભાવ છે. હળદર અને સાબુ મળવાથી લાલ રંગ થાય છે એમ નથી. સમય સમયની પોતાની પર્યાયનો ઉત્પાદ્ અને વ્યય પોતાથી થાય છે. ત્રણ કાળ ત્રણ લોકમાં આ વાત નક્કી કર્યા વિના જીવની દૃષ્ટિમાં વ્યવહાર સમ્યક્તા પણ આવતી નથી.

આગળ હમણાં આવશે ૨૮મો કળશ......रागजन्मनि.....ના અર્થમાં રાજમલજી લખે છે કે આઠ કર્મ, શરીર આદિ નોકર્મ વગેરે સામગ્રીનું નિમિત્ત પામીને જીવ અશુદ્ધ રાગાદિરૂપે પરિણમે છે એવી શ્રદ્ધા જે કોઈ જીવરાશિ કરે છે તે મિથ્યાદૃષ્ટિ અનંત સંસારી છે. જેનો એવો વિચાર છે કે સંસારી જીવમાં રાગાદિ અશુદ્ધરૂપે પરિણમવાની શક્તિ નથી, કર્મ બલાત્કારે જીવને અશુદ્ધરૂપે પરિણમાવે છે; તો કર્મ તો સદા વિદ્યમાન જ હોવાથી જીવને શુદ્ધપરિણામનો કોઈ અવસર જ નહિ રહે. પરના કારણે અશુદ્ધતા હોય તો શુદ્ધ થવાનો અવસર ક્યાં રહ્યો? પોતાના કારણે અશુદ્ધતા હોય તો પુરુષાર્થથી અશુદ્ધતા ટળી શકે છે. પરના કારણે અશુદ્ધતા હોય તો પર છૂટે ત્યારે અશુદ્ધતા છૂટે.

આવી વસ્તુસ્થિતિ છે પણ લોકોને સાંભળવા મળી નથી. ત્રણેય સંપ્રદાયમાં કર્મથી જીવનું કાર્ય થાય છે એવો દૃઢ અભિપ્રાય થઈ ગયો છે. આ મોટી ગડબડ થઈ ગઈ છે.

કર્મથી જીવને પરિણમવું પડે એ વાત ત્રણ કાળમાં સાચી નથી. જેણે અજ્ઞાન કર્યું છે તે જ જ્ઞાન વડે અજ્ઞાનને તોડે છે. કર્મે અજ્ઞાન કરાવ્યું નથી અને તોડાવી પણ શકતું નથી.

હું તો આત્મા છું. ચિદાનંદ આત્માને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ન હોઈ શકે. એવા પુરુષાર્થના જોરથી આત્મા મિથ્યાત્વ અને રાગ-દ્વેષને તોડે છે. પોતાથી મિથ્યાત્વ તોડવાનું કાર્ય થાય એમ માને તો તોડી શકે. પરથી માને તો પોતે તોડી ન શકે, કર્મ ખસે તેની રાહ જોવાની રહે.

હવે ૨૮મો કળશ

रागजन्मनि निमित्ततां परद्रव्यमेव कलयन्ति ये तु ते।
उतरन्ति न हि मोहवाहिनीं शुद्धबोधविधुरान्धबुद्धयः।।

પરથી રાગ થાય છે એમ માનનારા અજ્ઞાની શુદ્ધબોધથી રહિત–વિધુર છે. બાઈ રાંડે તો વિધવા કહેવાય તેમ આને વિધુર કહ્યો છે, આંધળો કહ્યો છે, અનંત સંસારી કહ્યો છે. કર્મના જોર અનુસાર જીવને કાર્ય કરવું પડે છે એમ માનનાર પોતાના પુરુષાર્થ વગરનો વિધુર છે, આંધળો છે.

કર્મનો અનુભાગ તો અજીવ છે તે શું જીવની પર્યાયમાં આવી જાય છે કે વિકાર કરાવે? કર્મ કાંઈ વિકાર ન કરાવે ભાઈ! પોતાનો અપરાધ છે. પુરુષાર્થસિદ્ધિઉપાયમાં અમૃતચંદ્રાચાર્યદેવે ૨૨૭ ગાથામાં કહ્યું છે કે रत्नत्रयमिह हेतुनिर्वाणस्यैव भवति नान्यस्य। 'રત્નત્રયથી મોક્ષ મળે છે, પુણ્ય નહિ. મોક્ષમાર્ગમાં જે પુણ્યનો આસ્રવ થાય છે તે શુભોપયોગનો અપરાધ છે.' લોકો કહે કે તીર્થંકરગોત્ર બંધાય એ લાભ છે ત્યારે અહીં એ કહે છે કે એ અપરાધ છે, લાભ નથી. તીર્થંકરગોત્રનું બંધન હશે ત્યાં સુધી કેવળજ્ઞાન નહિ લઈ શકે. આવી વાત છે ભાઈ!

ભગવાન આત્મા ત્રણલોકનો નાથ છે. અનંતા સિદ્ધ એના ગર્ભમાં રહ્યા છે પણ એને ભૂલીને વિકાર કરે છે.

અહીં તો એ સિદ્ધ કરવું છે કે જ્ઞાનીને વિકાર હોય નહિ.

*(ક્રમશઃ)*

સમયસારનું અપૂર્વ સ્વાગત કરી, મંગલ પધરામણી કરાવનાર
શ્રી સદ્‌ગુરુદેવનો જય હો....

વૈભવશાળી ભગવાન આત્માના લક્ષે પ્રગટ થતો

# આત્મવૈભવ

[ગતાંકથી ચાલુ]

## જીવત્વશક્તિ

અહો, આત્માની શક્તિની આ વાત!—તે ઉત્સાહથી સાંભળતાં અનાદિની મૂર્છા ઊતરી જાય એવી છે. પુરાણમાં વિશલ્યાની વાત આવે છે,—તે નજીક આવતાં જ લક્ષ્મણની મૂર્છા દૂર થવા લાગી; તેમ શલ્યરહિત એવી વિ–શલ્યા જ્ઞાનપરિણતિ જ્યાં પ્રગટી ત્યાં બધા ગુણોમાંથી મિથ્યાપણાની મૂર્છા ઊતરી ગઈ ને બધા ગુણો સ્વશક્તિની સંભાળ કરતા જાગ્યા. વિશલ્યા પૂર્વભવમાં ચક્રવર્તીની પુત્રી હતી; એકવાર જંગલમાં અજગર તેને ગળી ગયો; તેનું અડધું શરીર અજગરના મુખમાં ને અડધું બહાર હતું. અજગરના મોઢામાંથી તેને છોડાવવા ચક્રવર્તીએ ધનુષ્યબાણ તૈયાર કર્યા પણ વિશલ્યાના જીવે તેને અટકાવતાં કહ્યું—પિતાજી! હું તો હવે બચવાની નથી, મારા ખાતર અજગરને ન મારશો. આ પ્રકારના શુભ પરિણામના ફળમાં વિશલ્યાને એવી ઋદ્ધિ હતી કે તેના સ્નાનના જળના છંટકાવથી ગમે તેવું વિષ કે મૂર્છા ઊતરી જાય. આ વિશલ્યા લક્ષ્મણની પત્ની થનાર હતી. જ્યારે રાજા રાવણ સાથેના યુદ્ધમાં રાવણની શક્તિના પ્રહાર વડે લક્ષ્મણ મૂર્છિત થઈને ઢળી પડ્યા ને ચારેકોર હા–હાકાર થઈ ગયો; રામચંદ્ર પણ હતાશ થઈ ગયા; હનુમાન વગેરે મોટામોટા વિદ્યાધર રાજકુમારો પણ બેઠા હતા. જો સવાર સુધીમાં આનો ઉપાય ન મળે તો લક્ષ્મણના જીવવાની આશા ન હતી. અંતે કોઈએ ઉપાય બતાવ્યો કે જો 'વિશલ્યાદેવી'ના સ્નાનનું જળ છાંટવામાં આવે તો લક્ષ્મણ બચી જાય. પછી તો તરત જ વિશલ્યાને તેડાવી; તે નજીક આવતાંવેંત લક્ષ્મણને લાગેલી રાવણની શક્તિ ભાગી ને લક્ષ્મણજી પોતાની શક્તિ સહિત જાગ્યા. તેમ ચૈત્યલક્ષણી લક્ષ્મણ એવો આ આત્મા, અનાદિથી નિજશક્તિને ભૂલીને મોહશક્તિથી બેભાન બન્યો છે પણ જ્યાં શલ્યથી વિરહિત એવી નિઃશલ્ય–નિશંક શ્રદ્ધારૂપી સમ્યક્ત્વશક્તિ જાગી ત્યાં મોહશક્તિઓ ભાગી, ને ચૈતન્યલક્ષણી ભગવાન આત્મા પોતાની અનંત શક્તિઓના સમ્યક્ પરિણમનથી જાગી ઊઠ્યો. અજ્ઞાનમાં આત્મશક્તિ મૂર્છાઈ ગઈ હતી પણ જ્ઞાનપરિણતિ શલ્યરહિત થઈને

જ્યાં જાગી ત્યાં તો મૂર્છા ભાગી ને અનંતશક્તિના ટંકાર કરતો આત્મા જાગી ઊઠયો ને પોતાની પ્રભુતાના સામર્થ્યથી વિભાવરૂપી રાવણનો નાશ કર્યો.

હે જીવ! આવી આત્મશક્તિઓ ઓળખાવીને સંતો તને જગાડે છે. તારું આત્મદ્રવ્ય કોઈ બીજાના આધારથી ટકેલું નથી પણ તારી પોતાની જીવત્વશક્તિથી જ તારું આત્મદ્રવ્ય ટકેલું છે. પોતાના ચૈતન્યમાત્ર ભાવને ધારણ કરવારૂપ જીવત્વશક્તિથી આત્મા સદાય જીવપણે ટકે છે; આ જીવત્વશક્તિ આત્માને કદી અજીવ થવા દેતી નથી, તેને જીવપણે સદા જીવતો રાખે છે.

જ્ઞાન-દર્શન-સુખ ને સત્તા, તે આત્માના ભાવપ્રાણ કહેવામાં આવ્યા છે. આત્માના સ્વભાવમાં દ્રવ્ય–ગુણપણે તો તે ત્રિકાળ છે ને પર્યાયમાં તે સમ્યક્પણે પ્રગટે તેની આ વાત છે. ત્રિકાળી સ્વભાવમાં છે તેનું લક્ષ કરતાં પર્યાયમાં પણ તેનું સમ્યક્પણે પરિણમન થઈ જાય છે. 'જ્ઞાનમાત્રભાવ' એટલે અનંત શક્તિવાળો આત્મા, તેની સન્મુખ થઈને તેનું જ્ઞાન કરતાં દ્રવ્ય-ગુણ જેવું જીવન પર્યાયમાં પ્રગટે છે. અનંતકાળથી પર્યાયમાં જે જીવન ન હતું તે પ્રગટ્યું ને અનંતકાળથી જે ભાવમરણ થતું હતું તે ટળ્યું. અનંતાગુણો પર્યાયમાં જીવત્વરૂપ થયા, સમ્યક્પણે પ્રગટ્યા.

અહો, અંતરના પડખા ખોલીને ચૈતન્ય પરમાત્માને દેખવાની આ વાત છે. જેને આત્માની ગરજ હોય ને ભવનો ભય હોય તેને માટેની આ વાત છે. આત્મામાં ભરેલો સહજ અદ્ભુત ચૈતન્યવૈભવ ખુલ્લો કરીને સંતોએ આ સમયસારમાં દેખાડ્યો છે. જ્ઞાનની પર્યાયને અંતર્મુખ કરીને એ પરમ અદ્ભુત આત્મવૈભવ વેદાય છે.

જુઓ, આ વીતરાગી સંતોની વાણી! આ 'આત્મભાષા' છે. ભાષા તો જોકે જડ છે પણ આત્માના અનુભવનું નિમિત્ત લઈને નીકળેલી સંતોની ભાષા તે 'આત્મભાષા' છે. આત્માનું ભાન થતાં બધા ગુણોમાં નવું જીવન પ્રગટ્યું, અનંતાગુણો જીવતા થયા. પહેલાંય તે હતા તો ખરા પણ દૃષ્ટિ વગર તેનું ફળ આવતું ન હતું, હવે તેનું સમ્યક્પરિણમન થતાં ફળ આવ્યું. એટલે નિર્મળ પર્યાય પ્રગટી તેમાં આત્માનું ખરું જીવન છે. રાગાદિ તો ખરેખર અજીવતત્ત્વ હતું કેમકે તેમાં કાંઈ આત્માનું જીવન ન હતું, તેમાં ચૈતન્યપ્રાણ ન હતા. જીવત્વશક્તિવાળા આત્મસ્વભાવનું ભાન થતાં, અનંતાગુણો—જે પહેલાં અજ્ઞાનપર્યાયમાં મરી ગયા હતા તે—હવે જ્ઞાનપર્યાયમાં જીવતા થયા, પ્રગટ થયા. આ રીતે જીવત્વશક્તિ આત્માના અનંતગુણોને જીવાડે છે.

તેમાં આનંદ ભર્યો છે, પ્રભુતા ભરી છે. જીવનું આવું જીવન એ જ સાચું જીવન છે.

ભાઈ, આ વાત તારા સ્વઘરની છે ને તને સમજાય તેવી છે. આ વાત કઠણ છે ને મને નહિ સમજાય—એમ કરીને જો સમજવાનો કંટાળો કરે તો તેને આત્માનો ખરો પ્રેમ નથી. વિષય-કષાયોની વાતમાં તો હોંશથી પડે છે ને આત્મસ્વરૂપની વાત આવે ત્યાં કઠણ કહીને તેની સમજણનો ઉદ્યમ છોડી દે છે–તો એવા જીવને સ્વરૂપની ચાહ મટાડનાર બહિરાત્મા કહ્યો છે. ભાઈ, આત્માનું સ્વરૂપ કઠણ પડે છે–એમ કહીને તેં તો આત્મામાં જવા આડે અરુચિરૂપી વજ્રની દીવાલ ઊભી કરી. તારા પરિણામને તું આત્મસન્મુખ શી રીતે લઈ જઈશ? મારું સ્વરૂપ પ્રાપ્ત કરવું સુગમ છે ને અંતરના ઉદ્યમ વડે હું જરૂર તે પ્રાપ્ત કરીશ એમ રુચિનો ઉલ્લાસ જગાડ તો તારા પરિણામ તે તરફ વળશે ને આત્માની પ્રાપ્તિ થશે.

જુઓ, આ તો જીવ કોને કહેવો તેની વ્યાખ્યા છે. જીવ કેવો છે તેની જ જેને ખબર નથી તેને સાચું જીવન ક્યાંથી પ્રગટે? સમ્યગ્દર્શનની પ્રાપ્તિના કાળે અંતરમાં સ્વદ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે ને તે વખતે પર્યાયમાં એક સાથે અનંતાગુણોનું નિર્મળ કાર્ય પ્રગટ થાય છે. આવી પર્યાયસહિતનું જીવન તે ધર્માત્માનું જીવન છે. જે પુણ્ય-પાપ જેટલો જ આત્મા માને છે તેને ચૈતન્યના જીવનની ખબર નથી, આત્માની જીવત્વશક્તિને તે જાણતો નથી. ચૈતન્યરૂપ ભાવપ્રાણ વડે સદા જીવતો અનંતશક્તિસંપન્ન આત્મા સમ્યગ્દૃષ્ટિની નજરમાં આવી ગયો છે એટલે તેની જીવત્વશક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં પ્રસરી ગઈ છે.

આ રીતે જ્યારે જીવત્વશક્તિનો નિર્મળભાવ પર્યાયમાં પ્રગટ્યો ત્યારે જીવત્વશક્તિવાળા આત્માને જાણ્યો કહેવાય ને ત્યારે જીવત્વને ઓળખ્યું કહેવાય. પરમાર્થે ઈન્દ્રિય વગેરે જડપ્રાણવાળો જ આત્માને જે માની લ્યે તેણે તો અજીવને જીવ માન્યો છે. ઈન્દ્રિય વગેરેનાં કાર્યો મારા ને તેના વગર મારા જ્ઞાનાદિ ટકી ન શકે એમ માનનાર, પણ ખરેખર જડને જ આત્મા માને છે, જડથી ભિન્ન ચૈતન્યપ્રાણવાળા આત્માને તે જાણતો નથી. દુનિયા તો બહારમાં બધું માની બેઠી છે પણ મુક્તિનો માર્ગ અંતરમાં કંઈક જુદો જ છે.

ભાઈ, તારે ધર્મ કરવો હોય ને ધર્મી થવું હોય તો તારા ચૈતન્યમય જીવત્વને જાણ. આ જીવત્વશક્તિએ આત્માના બધા ગુણોને જીવરૂપ રાખ્યા છે. જીવત્વશક્તિ ન હોય

તો આત્માના બધા ગુણો અજીવ થઈ જાય. ખરેખર આત્મા અજીવ તો થતો નથી પણ તેની માન્યતા વિપરીત થાય છે એટલે તેને ધર્મ થતો નથી, સાચું જીવન પ્રગટતું નથી. સાચું જીવન એટલે કે સુખી જીવન, જીવત્વશક્તિના ભાન વડે પ્રગટે છે. જીવત્વશક્તિ એમ બતાવે છે કે આત્મા શુદ્ધ ચૈતન્યપ્રાણમય છે. અશુદ્ધતા જેટલો જ જીવ માને તેણે ખરેખર અજીવને માન્યો છે. દશપ્રાણને ધારણ કરવાની યોગ્યતારૂપ જે અશુદ્ધતા, તેનાથી જીવને ઓળખવો તે તો 'વ્યવહારનયનો જીવ' છે, 'નિશ્ચયનયનો જીવ' તે નથી; જીવ નથી એટલે અજીવ છે.

જુઓ, આ વીતરાગમાર્ગમાં નિશ્ચય-વ્યવહાર. જીવમાં પણ નિશ્ચયજીવ ને વ્યવહારજીવ એમ બે પ્રકાર બતાવીને યથાર્થ સ્વરૂપ ઓળખાવ્યું. જીવની પર્યાયમાં અશુદ્ધતાની યોગ્યતા છે પણ તે સમ્યગ્દર્શનના વિષયમાં આવતી નથી. સમ્યગ્દર્શન પ્રગટે તે કેવા આત્માને દૃષ્ટિમાં લેવાથી પ્રગટે? તેની આ વાત છે. અનંતગુણોથી અભેદ, અનાદિ અનંત પારિણામિકભાવસ્વરૂપ જે પરમ જ્ઞાયકભાવ, તેના આશ્રયે ક્ષાયિક સમ્યક્ત્વાદિ નિર્મળ ભાવો પ્રગટે છે. આવા ભાવરૂપ જ્ઞાનપરિણતિ જ્ઞાનીને જ હોય છે. અજ્ઞાનીને જ્ઞાનપરિણતિ નથી કેમકે તે જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરતો નથી. રાગના આશ્રયે જ્ઞાનપરિણતિ કેમ પ્રગટે? જ્ઞાનપરિણતિ તો તેને કહેવાય કે જે જ્ઞાનસ્વભાવમાં તન્મય થઈને પરિણમે ને રાગથી જુદી પડે આવી જ્ઞાનપરિણતિ પ્રગટતાં તેમાં શ્રદ્ધાનું–જ્ઞાનનું–આનંદનું એમ અનંતગુણોનું નિર્મળ જીવત્વ પ્રગટ્યું તેને જીવત્વશક્તિનું કાર્ય કહેવાય છે. રાગ કે દશ જડપ્રાણોને ધારણ કરવા તે જીવત્વશક્તિનું ખરું કાર્ય નથી. જીવત્વશક્તિમાં વિકલ્પની નાસ્તિ થઈ એટલે તેનું ભાન થતાં, પહેલાં વિકલ્પથી લાભ માન્યો હતો તેની પણ નાસ્તિ થઈ એટલે વ્યવહારનું અવલંબન છૂટ્યું ને નિશ્ચય જીવન પ્રગટ્યું. આવું અનેકાંતપણું સાધકની પર્યાયમાં વર્તે છે.

જેમ મોટા જિનમંદિર ઉપર સોનાનો કળશ ચઢાવે, તેમ આ સમયસારરૂપી મોટા મંદિર ઉપર અમૃતચંદ્રાચાર્યદેવે ૪૭ શક્તિરૂપી સુવર્ણકળશ ચડાવ્યો છે. આત્માની શક્તિનો અપાર વૈભવ પ્રસિદ્ધ કરીને બતાવ્યો છે. એકેક શક્તિના વર્ણનમાં ગંભીર રહસ્યો ભરી દીધાં છે. અનંતશક્તિવાળા આવા આત્માને પ્રતીતમાં ને સ્વાનુભવમાં લેતાં નિર્મળપર્યાયમાં બધી શક્તિનો રસ એકસાથે સમાય છે. બધી શક્તિઓ નિર્મળપણે ઉલ્લસે છે. આવા પરિણમનસહિત આત્મા તે સાચો આત્મા છે. હે ભાઈ, આવી શક્તિવાળા તારા આત્માના સમ્યગ્દર્શન વગર તું સાચો જીવ થયો–એમ જ્ઞાની કહેતા નથી. જડને

અને રાગને પોતાનું કર્તવ્ય માનનારો જીવનું જીવન જીવતો નથી પણ વિકારના કર્તૃત્વવડે તે જીવના જીવનને હણી નાંખે છે; ચૈતન્યના ભાવપ્રાણને હણે છે તે જ મોટી ભાવહિંસા છે. તે હિંસા મટે ને આત્માનું આનંદમય સાચું જીવન પ્રગટે એવી વાત અહીં આચાર્યભગવાને સમજાવી છે.

આત્મામાં અનંતશક્તિનો વૈભવ, તેમાં એકેક શક્તિના છએ કારકો પોતામાં જ સમાય છે. છેલ્લે છ કારકરૂપ છ શક્તિઓ પણ આચાર્યદેવ વર્ણવશે. એકેક શક્તિના પરિણમનમાં છએ કારકો પણ ભેગા જ સમાય છે. જીવત્વશક્તિથી આત્મા પોતે જ કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન તથા અધિકરણરૂપ થઈને પોતાના ચૈતન્યપ્રાણરૂપ જીવત્વને ધારણ કરે છે. આત્માના જીવત્વનું બીજું કોઈ સાધન નથી. દશ પ્રાણ કે રાગાદિ અશુદ્ધતા કે ખંડખંડ જ્ઞાનરૂપ ભાવેન્દ્રિય—એવા વ્યવહારને સાધન બનાવીને આત્માએ પોતાના ચૈતન્યપ્રાણને ધારણ કર્યા છે. આમાં નિશ્ચય-વ્યવહારનો ખુલાસો આવી ગયો કે વ્યવહારસાધન વડે આત્માનું જીવત્વ નથી, પોતાના નિશ્ચયસ્વભાવથી જ પોતાનું જીવત્વ છે. દશ પ્રાણ તરફના વિકલ્પો અથવા તો ખંડખંડરૂપ પરાશ્રિત જ્ઞાન તે તો અશુદ્ધપ્રાણ છે, તેનાથી આત્માનું ખરું જીવન નથી; તેમાં તો આત્માનું જીવતર હણાય છે. આત્માને દશ જડપ્રાણ વડે જીવનારો માને એટલે કે દશ પ્રાણને આત્માનું સ્વરૂપ માને તો તે જીવ ચૈતન્યની અનંતશક્તિના પ્રાણને ઊંધી શ્રદ્ધા વડે હણે છે એટલે ભાવહિંસા કરે છે. વ્યવહારના વિકલ્પો આત્માના ચૈતન્યજીવનને લાભ કરે એમ બનતું નથી. અસત્યમાંથી સત્ય આવે નહિ; વ્યવહારના વિકલ્પો શુદ્ધસ્વભાવમાં અસત્ છે, તે આત્માની પર્યાયને લાભ કરે કે તેનું સાધન થાય એવી તાકાત તેનામાં નથી; છતાં તેને સાધન કહેવું તે વ્યવહાર છે, ઉપચાર છે; તે સત્યસ્વરૂપ નથી. જીવનું સત્યસ્વરૂપ તો શુદ્ધ ચૈતન્યપ્રાણ છે. ચૈતન્યભાવમાં અક્રમરૂપ અનંતશક્તિઓ અને તે શક્તિનું ક્રમેક્રમે થતું નિર્મળ પરિણમન—આવા ક્રમ-અક્રમરૂપ અનંત ધર્મો સમાય છે પણ વિકાર તેમાં સમાતો નથી. 'જ્ઞાન' લક્ષણ વડે અર્હન્તભગવાને આવો આત્મા ઓળખાવ્યો છે.

અરે જીવ! તું જાગ....... ને તારી શક્તિને સંભાળ! લક્ષ્મણમાં રાવણને હણવાની શક્તિ હતી પણ મૂર્છામાંથી જાગ્યા વગર તે શા કામની? જ્યાં જાગ્યો ત્યાં રાવણને માર્યો. તેમ પરભાવોને હણવાની તાકાતવાળો ચૈતન્યશક્તિનો પિંડ આ આત્મા સ્વશક્તિના લક્ષ વગર મોહમૂર્છામાં સૂતો છે. જીવત્વશક્તિરૂપી સંજીવની વડે સંતો તેને જગાડે છે. રે જીવ! તું જાગ ને તારી શક્તિને સંભાળ! જ્યાં સ્વલક્ષના સિંહનાદ કરતો 'લક્ષ્મણ'

જાગ્યો ત્યાં નિજશક્તિના ટંકાર વડે તે પરપરિણતિને તોડી નાંખે છે. ૪૭મા કળશમ આચાર્યદેવે કહ્યું હતું કે અહો, આ તો અત્યંત પ્રચંડ અને અખંડ જ્ઞાનનો ઉદય પરપરિણતિને ઉખેડી નાંખે છે અને ભેદવાદને તોડી પાડે છે. શક્તિનું આવું નિર્મળ કાય પર્યાયમાં પ્રગટે ત્યારે જીવનું સાચું જીવન પ્રગટ્યું કહેવાય. સ્વલક્ષ વડે જ્યાં જીવત્વશક્તિ જાગી ત્યાં અનંતશક્તિઓ એક સાથે જાગી ઊઠી એટલે અનંતશક્તિના નિર્મળ કાર્યથ ભગવાન આત્મા જાજ્વલ્યમાન જીવતો થઈ ગયો. હવે વિકારી પરભાવો સાથે કર્તાકર્મપણાનો સંબંધ તેને જરાપણ ન રહ્યો.

જુઓ, આ જીવત્વશક્તિનું કાર્ય! હવે એમાં નવતત્ત્વ લઈએ—

★ ત્રિકાળ ચૈતન્યપ્રાણથી જીવનાર અનંતશક્તિસંપન્ન જ્ઞાયકભાવ તે જીવ.

તેના આશ્રયે શુદ્ધપર્યાય પ્રગટી તે સંવર-નિર્જરા ને મોક્ષ.

અશુદ્ધભાવરૂપ જે આસ્રવ ને બંધ હતા તે ટળવા માંડ્યા.

શરીર–ઈન્દ્રિયો વગેરે જડપ્રાણના સંયોગને પોતાથી ભિન્ન અજીવ જાણ્યા.

—આમ જીવત્વશક્તિના નિર્ણયમાં નવતત્ત્વોનો પણ નિર્ણય આવી જાય છે. આવી જીવત્વશક્તિવાળા શુદ્ધ જીવને જે જાણે તેને આસ્રવ–બંધ ટળે ને સંવર-નિર્જરા-મોક્ષરૂપ સાચું જીવન પ્રગટે.

*(ક્રમશઃ)*

---

વસ્તુ અબંધસ્વરૂપ છે, તેને દૃષ્ટિમાં લેવો તે મહાન પુરુષાર્થ છે. નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિ દ્વારા વસ્તુ દૃષ્ટિમાં આવે છે. પર્યાયમાં બંધ–મોક્ષ છે પણ દ્રવ્યમાં બંધ-મોક્ષ છે જ નહીં. પર્યાયમાં બંધભાવ છે અને તેના અભાવથી મોક્ષ થાય છે, પણ બંધ છે તે ત્રિકાળી વસ્તુમાં છે જ નહીં. વસ્તુસ્વભાવમાં બંધ કેમ હોય? વસ્તુમાં બંધ હોય તો વસ્તુનો અભાવ થઈ જાય. શુદ્ધનિશ્ચયનયથી વસ્તુમાં બંધ નથી તેથી બંધના અભાવથી થતો મોક્ષ તે પણ વસ્તુમાં નથી. આવી વસ્તુની દૃષ્ટિ કરવી તે મહા પુરુષાર્થ છે. જ્ઞાયક ભાવમાં બંધ-મોક્ષ ક્યાંથી આવે? પર્યાયનો બંધ-મોક્ષ વસ્તુમાં નથી. નિર્મળ પરિણતિ પણ દ્રવ્યની નથી. આચાર્યદેવ દ્રવ્યનું સ્વરૂપ બતાવવા, તેની દૃષ્ટિ કરાવવા અને પર્યાયદૃષ્ટિ છોડાવવા કહે છે કે પર્યાયને દ્રવ્ય કરતું જ નથી.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

સુવર્ણપુરે નિર્માણાધીન જંબૂદ્વીપના જિનાયતનમાં

# પ્રતિષ્ઠેય શાશ્વત જિનબિંબોના સ્વાગતાર્થે સૌરાષ્ટ્ર હિલોળે ચઢ્યું

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના મંગલ પ્રભાવના ઉદયે સુવર્ણપુરીમાં નૂતન જંબૂદ્વીપ જિનાયતનનું નિર્માણ થઈ રહ્યું છે. જેમાં ૧૩૧ જિનબિંબો બિરાજમાન થનાર છે. તે પૈકી બીજા તબક્કાના નવ શાશ્વત જિનબિંબો પધારવાના હોવાથી સૌરાષ્ટ્રના ગામેગામના મુમુક્ષુમંડળોએ ભગવાન અમારા ગામમાં પણ પધારે! એવી ભાવના વ્યક્ત કરતાં સુરેન્દ્રનગર, લીંબડી, વાંકાનેર, રાજકોટ, બોટાદ, વીંછીયા, લાઠી, અમરેલી, જેતપુર, ગોંડલ વગેરે નગરોમાં મુમુક્ષુઓ ભગવંતોનું સ્વાગત કરવા ભાવભીના અંતરે ઊમટી પડ્યા.

ત્યારબાદ જામનગર, સાવરકુંડલા, કાનાતળાવ, ઉમરાળા, ભાવનગર વગેરે નગરોના મુમુક્ષુમંડળોએ વિવિધપ્રકારે અત્યંત ભક્તિ-ઉલ્લાસપૂર્વક પોતાના નગરમાં પ્રતિષ્ઠેય જિનબિંબોનું સ્વાગત કર્યું. કેટલાક મુમુક્ષુમંડળોના ભક્તિભીના આગ્રહથી આ જિનબિંબોને તેમના મંદિરોમાં થોડાક દિવસ રાખવામાં આવ્યા. આ દરમિયાન ભગવંતો પધારવાની ખુશાલીમાં દરરોજ તે તે મંદિરોમાં પૂજન-ભક્તિના વિશેષ કાર્યક્રમો યોજાયા. કેટલાક ગામોમાં ભગવંતોનો નગરવિહાર યોજાતાં ભગવંતો મુમુક્ષુઓના ઘર સમક્ષથી પસાર થતાં સૌએ અત્યંત ભક્તિ ઉલ્લાસથી ભગવંતોની વધામણી કરી તેમનું સ્વાગત કર્યું.

ગઢડાથી ઉમરાળા જતાં અડતાળા ગ્રામના સમગ્ર ગ્રામજનો (ખેડૂત ભાઈ-બહેનો)ની અત્યંત ભક્તિભીની વિનંતીથી ભગવાનનું આગમન થયું. ત્યાં ભગવંતોનું ભવ્ય જુલુસ નીકળ્યું તથા અત્યંત ભક્તિપૂર્વક ઉત્સાહથી સ્વાગત કરવામાં આવ્યું. આ નિહાળીને ત્યાં હાજર રહેલા સર્વે મુમુક્ષુઓ ગદ્‌ગદિત થઈ ગયા.

આ પ્રમાણે સૌરાષ્ટ્રના પ્રમુખ નગરોમાં વિહાર કરી જિનેન્દ્ર ભગવંતોનું સુવર્ણપુરી (સોનગઢ)માં આગમન થતાં સુવર્ણપુરીના મુમુક્ષુઓએ અત્યંત ભક્તિપૂર્વક પોતાના ભગવંતોનું સ્વાગત કર્યું. આમ પ્રતિષ્ઠેય ભગવંતોના વિવિધપ્રકારે ભક્તિ ઉલ્લાસથી સ્વાગત કરવા જાણે કે સૌરાષ્ટ્ર હિલોળે ચઢ્યુ.

લિ. શ્રી કુંદકુંદકહાન દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
રાજકોટ

## શ્રી મહાવીર ભગવાન જન્મકલ્યાણક તથા પૂજ્ય ગુરુદેવશ્રીના સંપ્રદાય પરિવર્તન દિવસનો મંગલ કાર્યક્રમ

તીર્થંકર ભગવાન મહાવીરનો જન્મકલ્યાણક દિવસ તથા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સંપ્રદાય પરિવર્તનના ૭૬મા વર્ષનો મંગલ ઉત્સવ શ્રી હીરાચંદ ત્રિભોવનદાસ દામાણી પરિવાર હ. બ્ર. જસીબેન દામાણી દ્વારા સુવર્ણપુરી સોનગઢમાં દ્વિદિવસીય મહોત્સવ ચૈત્ર સુદ-૧૨ શનિવાર તા. ૨૭-૩-૧૦ થી **ચૈત્ર સુદ-૧૩ રવિવાર તા. ૨૮-૩-૧૦** વિવિધ પૂજન ભક્તિના વિશેષ કાર્યક્રમોપૂર્વક અત્યંત ઉલ્લાસથી ઉજવવામાં આવશે. તો આ મંગળ પ્રસંગે સર્વે મુમુક્ષુઓને આ ઉત્સવનો લાભ લેવા સોનગઢ પધારવા ભાવભીનું આમંત્રણ છે.

# શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

(હિસાબી-અહેવાલ તા. ૧-૪-૨૦૦૮ થી તા. ૩૧-૩-૨૦૦૯ તથા નિવેદન)

શ્રી કહાનગુરુ-ભક્ત મુમુક્ષુસમાજ,

સવિનય નિવેદન કે આપણા તારણહાર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ શ્રી સોનગઢ (સુવર્ણપુરી)માં અધ્યાત્મધર્મનો લાભ લેવા માટે ઘણા મુમુક્ષુઓ કાયમી વસવાટ કરે છે તથા બહારગામથી અવારનવાર ઘણા મુમુક્ષુઓ પધારે છે. આ તીર્થધામનો વહીવટ આપ સૌના સહયોગથી આપણું ઉપરોક્ત ટ્રસ્ટ (સંસ્થા) કરી રહેલ છે. દર વર્ષની માફક, આ સાથે તા. ૧-૪-૨૦૦૮ થી ૩૧-૩-૨૦૦૯નાં વર્ષનાં ઓડીટ થયેલ સરવૈયાં, આવક-જાવકના હિસાબો સહિત રજુ કરીએ છીએ, જે ઉપરથી આપને આ ટ્રસ્ટના વહીવટ સંબંધી, આવક-ખર્ચની તથા અન્ય જાણકારી મળી શકશે, અને જેથી આપને સંતોષ થશે એવી આશા રાખીએ છીએ.

(૧) આ વર્ષ દરમ્યાન બધા મહોત્સવો ઉત્સાહપૂર્વક ઊજવવામાં આવ્યા છે. બહારગામથી યાત્રીઓ અને મુમુક્ષુઓ સારી સંખ્યામાં અવારનવાર આવે છે. દરેકને સારી સગવડ આપવાની કાળજી લેવામાં આવે છે. શ્રી જન્મજયંતી-મહોત્સવનો ખર્ચ જેમના તરફથી જન્મજયંતી ઉજવાય છે તેમના તરફથી આપવામાં આવે છે.

(૨) સરવૈયા મુજબ વરસ આખરે ધ્રુવફંડ **(Corpus)** ખાતે રૂા. ૩,૭૪,૬૮,૯૦૩ છે. આ રકમમાં વર્ષ દરમ્યાન રૂા. ૩૬,૧૮,૫૯૦ વધારો થયેલ છે. આ ધ્રુવફંડનું વ્યાજ વાપરવાનું છે. ધ્રુવફંડ પૂરતી રકમનું રોકાણ રાખવું જોઈએ. તે બાબત કાળજી લેવામાં આવે છે.

(૩) અધ્યાત્મ તીર્થ સોનગઢથી પ્રકાશિત 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી માટે ખર્ચને પહોંચી વળવા માટે યોજના અગાઉ જાહેર કરેલ છે. તે પ્રમાણે આજીવન એક માસનું આત્મધર્મ પ્રકાશન માટે ગુજરાતીનાં રૂા. એક લાખ પચ્ચીસ હજાર નક્કી કરેલ છે. તેમજ આજીવન એક મહિનાનાં આત્મધર્મ હિન્દી પ્રકાશન માટે એક લાખ નક્કી કરેલ છે. સ્પોન્સર તરીકે તે દાતારનું નામ તે મહિનાનાં અંકમાં પ્રકાશિત કરવામાં આવશે.

તેવી જ રીતે એક માસનું આત્મધર્મ ગુજરાતી પ્રકાશન માટે રૂા. દસ હજાર નક્કી કરવામાં આવેલ છે. તે અંક પુરતું તે નામ સ્પોન્સર તરીકે તે મહિનાનાં અંકમાં પ્રકાશિત થશે. એક માસનું હિન્દી આત્મધર્મ પ્રકાશિત કરવાનાં રૂા. સાત હજાર પાંચસો નક્કી કરવામાં આવેલ છે. તે અંક પુરતું તે નામ અંકમાં સ્પોન્સર તરીકે દાતારનું નામ પ્રકાશિત કરવામાં આવશે. આ યોજનાને ઠીક પ્રતિસાદ મળેલ છે.

(૪) જિનવાણી પ્રકાશનમાં સ્થાયી પુરસ્કર્તા યોજના અંતર્ગત ગુજરાતી પુસ્તકોનાં સ્થાયી

પુરસ્કર્તા લગભગ પૂરા થવાની તૈયારીમાં છે. હિન્દી પુસ્તકોનાં સ્થાયી પુરસ્કર્તા બાકી રહે છે. આ યોજનાને દાતાર તરફથી સારો પ્રતિસાદ સાંપડેલ છે.

(૫) ટ્રસ્ટની ઘણી યોજના તૈયાર કરવામાં આવી રહી છે જેથી ક્રમે ક્રમે યોજનાનું આયોજન કરી શકાય. તે આપને જણાવવામાં આવે છે. સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મમાર્ગપ્રકાશક પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા તદ્‌ભક્ત સ્વાનુભવવિભૂષિત ધર્મરત્ન ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન સંયુક્ત "જન્મજયંતી પુરસ્કર્તા ધ્રુવ ફંડ" તથા "જન્મજયંતી અનુમોદના ફંડ" સ્કીમ શરૂ કરેલ છે. આ સ્કીમમાં સારો પ્રતિસાદ દાતાર તરફથી મળેલ છે. આમા "જન્મજયંતી પુરસ્કર્તા ફંડ"માં પંદર દાતારોએ લાભ લીધેલ છે. "જન્મજયંતી અનુમોદનાના ફંડ"માં ૨૮ દાતારોએ લાભ લીધેલ છે.

ઉપરોક્ત હિસાબો જોવાની જેમને ઇચ્છા હોય તેઓએ સેક્રેટરીને લેખિત જાણ કરવાથી સંમતિ આપે તે દિવસે આપ જોઈ શકશો.

ટ્રસ્ટીઓ,

તા. ૯-૨-૨૦૧૦ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,

સોનગઢ

(અનુસંધાન પેજ નં. ૨૨ થી)

પરમાગમમંદિર–પ્રતિષ્ઠાતિથિ :—ફાગણ સુદ ૧૩, શુક્રવાર, તા. ૨૬-૨-૨૦૧૦ના દિવસે શ્રી પરમાગમમંદિરનો ૩૭મો વાર્ષિક પ્રતિષ્ઠાદિન શ્રી મહાવીર-કુંદકુંદ દિ. જૈન પરમાગમમંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

**અધ્યાત્મમાર્ગપ્રણેતા, સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક, પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૨૧નો મંગલ જન્મ મહોત્સવ તા. ૧૧-૫-૨૦૧૦ થી તા. ૧૫-૫-૨૦૧૦ સુધી ઉદેપુરનિવાસી શ્રીમતી શાન્તાબેન માંગીલાલજી જૈન પરિવાર, અમદાવાદ તરફથી ઊજવવામાં આવનાર છે. આ મહોત્સવની પત્રિકાલેખનવિધિ તા. ૭-૩-૨૦૧૦ રવિવારના રોજ રાખવામાં આવેલ છે.**

**રૂા. ૧૧,૦૦૦/- શ્રીમતી સુશીલાબેન મોહનલાલ વોરા U.S.A તરફથી આ અંકના પ્રકાશનાર્થે આર્થિક સહયોગ મળેલ છે.**

**આત્મધર્મ ગુજરાતી તથા હિંદીમાં આજીવન લવાજમમાં ૫૦% કમીશન ધીરજબેન બાબુલાલ શાહ હસ્તે મંજુલાબેન અનિલભાઈ શાહ તથા ભારતીબેન જિનેન્દ્રભાઈ શાહ તરફથી રાખવામાં આવેલ છે.**

# શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ

## તા. ૩૧-૩-૨૦૦૯નાં પુરા થતાં વર્ષનું આવક–જાવક પત્રક

| આવક | ૩૧-૩-૨૦૦૮ | ૩૧-૩-૨૦૦૯ | જાવક | ૩૧-૩-૨૦૦૮ | ૩૧-૩-૨૦૦૯ |
|---|---|---|---|---|---|
| ભાડા...... | ૨૭,૮૪૬ | ૨૭,૨૭૬ | મિલ્કત મરામત | ૧,૭૮,૭૨૮ | ૨,૦૨,૨૯૦ |
| વ્યાજ | ૧,૭૪,૭૫૮ | ૮,૦૩,૩૬૬ | વીમા પ્રીમીયમ | ૯,૯૭૦ | ૯,૮૭૧ |
| ડીવીડન્ડ વ્યાજ | ૩૩,૮૬,૬૭૧ | ૩૨,૯૮,૫૨૭ | વહીવટી ખર્ચ | ૪૧,૪૬૪ | ૪૦,૭૧૩ |
| દાન ખાતે | ૩૦,૫૬,૫૯૬ | ૨૨,૪૭,૮૬૨ | ઓડીટ ખર્ચ | ૫૧,૬૫૯ | ૧૭,૪૧૬ |
| ગુપ્ત ભંડાર | ૭,૩૪,૩૬૯ | ૮,૬૨,૩૮૩ | ચેરીટી કમી. ફાળો | ૫૦,૦૦૦ | ૫૦,૦૦૦ |
| અન્ય આવક | ૮,૩૭,૨૪૮ | ૪,૫૩,૬૮૫ | જોગવાઈ | ......... | ૨૮,૦૦,૦૦૦ |
| કાયમી ફંડ ખાતે | | | અન્યખર્ચ | ૯,૨૧૪ | ૨,૪૯૫ |
| ટ્રાન્સફર | ૬,૩૩,૫૦૧ | ૬,૮૨,૪૪૮ | વ્યાજ ખર્ચ | ૬,૫૦૩ | ૪,૫૯૦ |
| તુટ સરવૈયામાં | — | ૬,૫૯,૧૪૮ | રીઝર્વ ફંડથી લાવ્યા | ૧૮,૩૬,૨૬૦ | ૧૯,૫૭,૨૩૬ |
| | | | ધાર્મિક હેતુ ખર્ચ | ૨૯,૭૮,૦૨૯ | ૩૯,૫૦,૦૮૪ |
| | | | વર્ષ આખરે વધારો | ૩૬,૮૯,૧૬૨ | ........ |
| | ૮૮,૫૦,૯૮૯ | ૯૦,૩૪,૬૯૫ | | ૮૮,૫૦,૯૮૯ | ૯૦,૩૪,૬૯૫ |

## તા. ૩૧-૩-૨૦૦૯નું સરવૈયુ

| ફંડ જવાબદારી | ૩૧-૩-૨૦૦૮ | ૩૧-૩-૨૦૦૯ | મિલ્કત-લેણું | ૩૧-૩-૨૦૦૮ | ૩૧-૩-૨૦૦૯ |
|---|---|---|---|---|---|
| ટ્રસ્ટ ફંડ | ૧૩,૭૦,૩૩૨ | ૧૩,૭૦,૩૩૨ | સ્થાવર મિલ્કત | ૫,૭૬,૦૩,૮૬૬ | ૬,૨૦,૪૩,૬૭૩ |
| મિલ્કત ફંડ | ૫,૦૭,૪૪,૧૯૨ | ૫,૭૨,૫૧,૩૯૨ | ડેડ સ્ટોક ફર્નિચર | ૧૩,૬૩,૯૭૨ | ૧૩,૮૭,૯૭૨ |
| કાયમી ફંડ | ૩,૩૮,૫૦,૩૧૩ | ૩,૭૪,૬૮,૯૦૩ | જંગમ મિલ્કત | ૬૨,૨૦,૮૩૫ | ૬૫,૮૧,૨૪૬ |
| ચાલુ ફંડ | ૪૯,૯૨,૩૬૧ | ૬૭,૫૧,૫૫૭ | પુસ્તક, કાગળ | | |
| રૂમ બ્લોક | | | સ્ટોક, પ્રિન્ટીંગ | ૨૮,૬૯,૬૭૬ | ૩૬,૪૦,૮૦૫ |
| ડીપોઝીટ | ૬૨,૩૪,૩૪૦ | ૬૩,૮૪,૮૪૦ | જૈન સેવા સમિતી | ૧૫,૩૭,૫૯૭ | ૧૫,૯૯,૩૭૧ |
| અન્ય દેવાં | ૪૧,૮૩,૬૪૮ | ૨૦,૭૩,૫૯૧ | અન્ય લેણાં | ૬,૨૩,૦૭૯ | ૨,૯૨,૦૩૩ |
| | | | રોકાણો | ૪,૭૭,૦૦,૦૦૦ | ૫,૩૫,૦૦,૦૦૦ |
| ઉપજ ખર્ચ | ૧,૮૮,૬૦,૪૭૮ | ૧,૮૨,૦૧,૩૨૯ | બેન્ક બેલેન્સ | ૨૨,૯૭,૩૫૧ | ૩૨,૪૦,૦૮૫ |
| જોગવાઈ | .......... | ૨૮,૦૦,૦૦૦ | પુરાંત | ૧૯,૨૮૮ | ૧૬,૭૫૯ |
| | ૧૨,૦૨,૩૫,૬૬૪ | ૧૩,૨૩,૦૧,૯૪૪ | | ૧૨,૦૨,૩૫,૬૬૪ | ૧૩,૨૩,૦૧,૯૪૪ |

તા. ૧-૪-૨૦૦૮ થી તા. ૩૧-૩-૨૦૦૯ કુલ આવક વર્ષ દરમ્યાન :

| | | |
|---|---|---|
| કાયમી ફંડમાં ઉમેરો | ૩૬,૧૮,૫૯૦ | ધ્રુવફંડ ખાતે |
| ચાલુ ફંડમાં ઉમેરો | ૧૭,૫૯,૧૯૬ | આ રકમ જે ખાતામાં હોય તે ખાતામાં વાપરવાની હોય છે. |
| | ૫૩,૭૭,૭૮૬ | |
| આવક દાન તથા ભંડાર | ૯૦,૩૪,૬૯૫ | |
| | ૧,૪૪,૧૨,૪૮૧ | |

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સંચાલિત
## શ્રી કહાન સુર્ય દિગંબર જૈન ભોજન સમિતિ, સોનગઢ
### તા. ૩૧-૩-૨૦૦૯ નાં પુરા થતાં વર્ષનું આવક જાવક ખાતુ.

| આવક | રકમ | ખર્ચ | રકમ |
|---|---|---|---|
| ભોજન આવક | ૧૪,૪૮,૬૭૫ | દુધ, શાકભાજી, બળતણ, પોસ્ટેજ, ટેલિફોન, પગાર, ઈલેકટ્રીક બીલ, કોઠાર વપરાશ વિગેરે. | ૩૮,૫૧,૩૩૩ |
| કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ | ૧૪,૭૦,૦૦૦ | | |
| કાયમી જમણનાં ખર્ચનાં સ્વાધ્યાય મંદિર પાસેથી | ૧,૮૪,૬૨૦ | | |
| ફોટા ફંડના વ્યાજનાં કાયમી ભોજનતિથિ તથા ધ્રુવફંડના | ૭,૯૯,૦૦૮ | વધારો સરવૈયામાં લઈ ગયા | ૮૩,૧૮૦ |
| બેન્ક વ્યાજ | ૨૩,૦૯૦ | | |
| ભંગાર વેચાણ | ૯,૧૨૦ | | |
| | ૩૯,૩૪,૫૧૩ | | ૩૯,૩૪,૫૧૩ |

### તા. ૩૧-૩-૨૦૦૯નાં રોજ પુરા થતાં વર્ષનું સરવૈયુ

| ફંડ જવાબદારી | રકમ | મિલ્કત-લેણા | રકમ |
|---|---|---|---|
| સ્વામીવાત્સલ્ય ખુશાલી ફંડ | ૩,૬૦,૧૨૧ | કોઠાર સ્ટોક | ૧,૬૯,૮૨૦ |
| ઉપજ ખર્ચ ખાતુ | | અન્ય લેણાં | ૨૩,૬૪૦ |
| ગ.વ. મુજબ ૯,૨૧,૧૨૦ | | બેન્ક ઓફ ઈન્ડિયા એફ. ડી. | ૨,૨૯,૭૭૮ |
| ચાલુસાલવધારો ૮૩,૧૮૦ | ૧૦,૦૪,૩૦૦ | બેન્ક ઓફ ઈન્ડિયા સેવીંગ | ૪,૬૧૬ |
| અન્ય જવાબદારી | ૧,૧૪,૫૪૯ | S.B.I સેવીંગ | ૨૧,૯૫૬ |
| રીક્ષાફંડ | ૧,૬૨,૫૦૧ | રીક્ષા | ૧,૮૮,૩૬૦ |
| | | ડેડ સ્ટોક | ૯,૮૫,૮૭૩ |
| | | પુરાંત | ૧૭,૪૨૮ |
| | ૧૬,૪૧,૪૭૧ | | ૧૬,૪૧,૪૭૧ |

*ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૭૮મો*

# સમ્યક્ત્વજયંતી-મહોત્સવ

ભવાંતકારી તેમ જ સ્વાનુભવમુદ્રિત કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનો અનુપમ માર્ગ બતાવી જેમણે આપણા પર અનંત ઉપકાર કર્યો છે એવા આપણા પરમ તારણહાર પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો "ભાવિ તીર્થંકરદ્રવ્યરૂપ" સાતિશય મહિમા પ્રકાશિત કરવાવાળાં ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૮મી વાર્ષિક 'સમ્યક્ત્વજયંતી' આગામી તા. ૧૦-૩-૨૦૧૦ બુધવાર (ફાગણ વદ-૧૦)ના રોજ છે. "સમ્યક્ત્વ-જયંતીનો આ મંગળ મહોત્સવ તા. ૬-૩-૨૦૧૦ શનિવારથી તા. ૧૦-૩-૨૦૧૦ બુધવાર—પાંચદિવસ સુધી, શ્રી 'સિદ્ધ પરમેષ્ઠી મંડલ વિધાન પૂજા', પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના સમ્યક્ત્વમહિમાભરપૂર આધ્યાત્મિક સી.ડી. પ્રવચનો, દેવ-ગુરુ-ભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં પાવન દર્શન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો ધર્મચર્ચા, ધાર્મિક શિક્ષણવર્ગ વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમ સહ સમ્યક્ત્વ-જયંતી-મહોત્સવ તરીકે શ્રી ઉપનગર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, મલાડ દ્વારા અતિ આનંદોલ્લાસ સાથે સોનગઢમાં ઉજવવામાં આવશે. સમ્યગ્દર્શનની મહિમાના આ સ્વર્ણિમ શુભ-અવસર પર સમસ્ત મુમુક્ષુસમાજને સોનગઢ પધારવાનું અમારું ભાવભીનું નિમંત્રણ છે.

નિમંત્રણ પત્રિકા–લેખનવિધિ તા. ૭-૨-૨૦૧૦ રવિવારે સોનગઢમાં સાનંદ સંપન્ન થઈ.

*નિમંત્રક*

*શ્રી ઉપનગર દિ. જૈન મુમુક્ષુ મંડળ મલાડના*

*જય જિનેન્દ્ર*

*

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● જ્ઞાયકભાવ છે તે શુભાશુભ ભાવરૂપે થયો જ નથી. શુભાશુભ ભાવ એ તો અચેતન છે, જડ છે, તે રૂપે થાય તો જ્ઞાયકભાવ જડ થઈ જાય. આત્મા ચૈતન્ય જ્ઞાયકભાવરૂપે હોવાથી શુભાશુભ ભાવરૂપે થતો નથી, તેથી અપ્રમત્ત-પ્રમત્તના ભેદો તે જ્ઞાયકભાવમાં નથી. જ્ઞાયકભાવ તો એક ચૈતન્યરસરૂપે જ રહ્યો છે, શુભાશુભ ભાવના અચેતનરસરૂપે થયો જ નથી. જ્ઞાયકભાવ ચૈતન્યના પૂરનો ધ્રુવ પ્રવાહ છે, એ જ દૃષ્ટિનો વિષય છે. તેમાં પુણ્ય-પાપના ભાવ છે જ નહિ, અપ્રમત્ત-પ્રમત્ત ગુણસ્થાનના ભેદ કે પર્યાયભેદ તેમાં નથી. પણ એ તને જણાય ક્યારે?—કે તું પરદ્રવ્યના ભાવથી ભિન્ન પડી જ્ઞાયકભાવ સન્મુખ થા ત્યારે શુદ્ધતાનો અનુભવ થાય ત્યારે આ આત્મા શુદ્ધ જ્ઞાયક જ છે એમ ખરેખર જાણ્યું છે. તારી પર્યાયમાં ચૈતન્ય જ્ઞાયકભાવનો આદર થાય, સેવા થાય, સન્માન થાય, ચમત્કારીકતા લાગે, અધિકતા આવે ત્યારે પરદ્રવ્યનો સત્કાર, સન્માન, આદર, ચમત્કારીકતા છૂટી જાય અને ત્યારે આ આત્મા શુદ્ધ જ્ઞાયક જ છે તેમ જાણવામાં આવે છે. ૫૧૧.

● અહા! પ્રભુ! એક વાર સાંભળ તો ખરો તારી પ્રભુતાની વાતો! આચાર્યદેવ તને 'ભગવાન' તરીકે સંબોધન કરીને ઉપદેશ આપે છે. સમયસારની પહેલી ગાથાની ટીકામાં કહ્યું છે : મારી પર્યાયમાં તો મેં અનંત સિદ્ધોને સ્થાપ્યા છે ને હે શ્રોતાઓ! તમારી પર્યાયમાં, અલ્પજ્ઞતા હોવા છતાં, 'દ્રવ્ય-અપેક્ષાએ સિદ્ધ સમાન શુદ્ધ છું'—એમ અનંત સિદ્ધોને સ્થાપો; રાગને નહિ, રાગ તો સ્વભાવથી ભિન્ન છે. વાત જરા ઝીણી છે, પ્રભુ! ચાલતા પંથથી સર્વજ્ઞ ભગવાનનો માર્ગ કોઈ જુદી જાતનો છે. અહા! જૈનધર્મ એટલે શું? જૈનધર્મ પૂર્ણતઃ આત્માનુભૂતિ પર આધારિત છે. જેમાં ગુરુનો ઉપદેશ વગેરે બાહ્ય નિમિત્તો પરમાર્થે અકિંચિત્કર છે. નિમિત્તના લક્ષથી જે જ્ઞાન થયું તેનાથી પણ આત્માનું ભાન થતું નથી. પરલક્ષી જ્ઞાન પણ વાસ્તવિક જ્ઞાન નથી, તેનાથી ધર્મ થતો નથી. ૫૧૨.

આત્મધર્મ
ફેબ્રુઆરી-૨૦૧૦
અંક-૬ * વર્ષ-૪

Registered Regn. No. BVR-367/2009-2011
Renewed upto 31-12-2011
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## 卐 ચેતવણી 卐

અરેરે...! અહીં અબજોપતિ કહેવાતો હોય પણ સમ્યગ્દર્શન નથી—આત્મભાન નથી અને ચાર-ચાર કલાક સાચો સત્સમાગમ, વાંચન હોય તો પુણ્ય પણ બંધાય, પણ એવા પુણ્ય પણ નથી. આહાહા...! એકાદ કલાક કાંઈક કરે, એ ક્યાં જાય, બાપુ? 'એરણની ચોરી ને સોયનું દાન'! અરેરે...! એ દેહ છૂટીને ક્યાં જાય? ભાઈ...! આહાહા...! એ તિર્યંચ અવતારે અવતરે! અરરર..! કષાય કર્યો છે ને! કષાય જ કર્યો છે! આ કર્યું...ને આ કર્યું....ને આ કર્યું...અરેરે...! એમ કરીને સ્વરૂપની આડોડાઈ કરી છે! આહાહા....! એ માન્યતામાં તિર્યંચના અવતાર થાય, ભાઈ! એના નિયમ એવા છે, બાપુ! કુદરતના નિયમમાં કોઈ ધક્કો નહિ પહોંચાડી શકે. ત્યાં કોઈની સફારશ કામ નહીં આવે! આહાહા..! આકરો માર્ગ બાપા! પ્રભુ! ત્રણલોકનો નાથ! એ વીરના માર્ગ જુદા છે, ભાઈ! આહાહા....!

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

(જો ચાર-ચાર કલાક સત્સમાગમ, વાંચન, શ્રવણ આદિ થતા ન હોય તો પૂજ્ય ગુરુદેવશ્રીની આ ચેતવણી બહુ વિચારણીય છે.)

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org

